

# સલામતીપૂર્વક ઉજવણી કરો

FIRE KILLS
YOU CAN PREVENT IT

તમારા ઘરને આગથી બચાવો



# ઉજવણીઓ મજા કરવા માટેનું એક બહાનું હોય છે, આગ લાગે તે માટેનું નહિ!

તમે જ્યારે કોઈ પ્રસંગ ઉજવી રહ્યાં હો, ત્યારે આગથી સલામતી વિશે વિચારવાનો ખ્યાલ તમારા મગજમાં છેલ્લો જ આવે છે. પણ વિચાર કરી જુઓ - સંખ્યાબંધ મહેમાનો, વધારાની સાજ-સજાવટ, સિગરેટ ફૂંકતાં લોકો - રોજબરોજનું આગ લાગવાનું જોખમ ઘણું વધી જાય છે.

આગથી સલામત રહેવાનો વિચાર કરીને તમારે મજા કરવાનું બંધ કરી દેવાની જરૂર નથી - જોખમો જાણો અને પહેલેથી આયોજન કરો.

## સજાવટની લાઈટો

**સજાવટની લાઈટો દરરોજે વપરાતી નથી, એટલે તે વિશે થોડો વધારાનો વિચાર કરી જુઓ.**

- પ્લગમાં રહેલા ફ્યુઝથી કેટલા વધુમાં વધુ એએમપીઝનો ભાર લઈ શકાય તેમ છે તે તપાસી જુઓ.
- જો કોઈ બલ્બ ફૂટી જાય (કે ઉડી જાય) તો બદલી નાંખો.
- રાતના સમયે અને તમે બહાર જાવ ત્યારે સજાવટ માટેની લાઈટો બંધ કરી દો.
- સહેલાઈથી સળગી શકે તેવી કોઈ પણ વસ્તુ, જેમ કે કાગળો કે કાપડને બલ્બ અડે તેવી રીતે ન રાખશો.

## મીણબત્તીઓ

**આગની બીજી કોઈ જ્વાળા માટે તમે કરો તેવું જ મીણબત્તીઓ માટે પણ કરો.**

- તે એકલી (જ્યાં કોઈ માણસો ન હોય તેવી રીતે) ન રાખશો.
- રાતના સમયે તે પૂરેપૂરી ઓલવી દો.





- આગ પકડી શકે તેવી કોઈ પણ વસ્તુ, જેમ કે ક્રિસમસનાં ઝાડ, સજાવટની વસ્તુઓ, પડદાં વગેરેથી તેને દૂર રાખો.
- ખાતરી કરો કે તે ગરમ ન થઈ જાય તેવી સપાટી ઉપર મજબૂતાઈથી પકડી શકે તેવાં હોલ્ડરોમાં મૂકેલી હોય.

## સજાવટો

**જરા સરખી પણ તક મળશે એટલે કાગળની બનેલી સજાવટની વસ્તુઓ સળગી ઉઠશે.**

✓ તમારી સામાન્ય વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને સજાવટની વસ્તુઓ અને ગ્રીટિંગ કાર્ડ્સ વગેરે હીટરો, લાઈટો, ફાયર પ્લેસો અને મીણબત્તીઓથી દૂર રાખો.

## ફટાકડા

**ફટાકડા સાથે ક્યારેય મસ્તી ન કરશો – તે વિસ્ફોટક વસ્તુઓ છે, રમકડાં નહિ.**

✓ માત્ર બ્રિટિશ સેફ્ટી સ્ટાન્ડર્ડ 7114 ની નિશાની લગાવેલાં ફટાકડા જ ખરીદો અને હંમેશા તેની ઉપર લખેલી સૂચના વાંચો.

વધારે જાણવા માગો છો? ડી.ટી.આઈ.ની ફાયરવર્ક સેફ્ટી (ફટાકડાથી સુરક્ષા માટે)ની વેબસાઈટ http://www.dti.gov.uk/homesafetynetwork ઉપરથી વધારે માહિતી જુઓ.

# પાર્ટી ગોઠવી રહ્યાં છો?

**તમારી પોતાની જાત માટે અને તમારાં મહેમાનો માટે એક સારું કામ કરો – આગળથી સલામતી વિશે વિચાર કરવાનું બીજા દિવસ ઉપર ન ટાળશો.**

- તમારાં મહેમાનોને કહી રાખો કે દરવાજા અને બારીઓની ચાવીઓ ક્યાં મૂકેલી છે.
- વૃદ્ધો, બાળકો અને હરવા ફરવાની તકલીફવાળાં લોકોનું ધ્યાન રાખતાં રહો.
- બહાર નીકળવાના રસ્તામાં કોઈ અવરોધ ન હોય તેની ખાતરી કરો.





- જો લોકો સિગરેટ પીતાં હોય, તો વધારાની એશટ્રેઝ મૂકો અને બધી જ સિગરેટો બરાબર ઓલવી દેવામાં આવી હોય તેની ચોક્સાઈ કરો.

**તમને લાગે છે તે કરતાં તે ઘણી વધારે ગરમ હોય છે –** સિગરેટો 700° સેન્ટીગ્રેડ કરતાં વધારે તાપમાને બળી શકે છે.

**યાદ રાખો –** તમે થાકેલાં હો અથવા તો દારુ પીધો હોય ત્યારે સહેલાઈથી બેદરકાર બની જવાય છે.




જો આગ લાગે તો...

## બહાર નીકળી જાવ બહાર જ રહો અને

# 999

## ઉપર ફોન કરો

## એક સત્યઘટના – ક્રિસમસની મજા, બની ગઈ સજા



2001 ના ક્રિસમસ દિનની આગલી સંધ્યાએ, લોઈડ પરિવાર તેમનાં પાડોશીને ત્યાં ક્રિસમસનું ડ્રિન્ક લેવા ગયો.

'ફેરી લાઈટો વિશે તો મેં વિચાર જ ન કર્યો,' પોલિન લોઈડ યાદ કરતાં કહે છે, 'એટલું જ ફક્ત વિચાર્યું હતું કે કેટલી સુંદર લાગે છે.'

પોલિન ઈચ્છે છે કે કાશ, તેણે આ ગફલત ન કરી હોત.

ફેરી લાઈટોથી પડદા સળગી ઉઠયા. સદ્નસીબે કોઈ પાડોશીએ આગની જ્વાળાઓ જોઈ અને બધાંને સાવચેત કર્યાં.

પોલિન કહે છે, 'અમારા નવા વર્ષની શરૂઆત ભયાનક રીતે થઈ. આખો આગળનો રૂમ ખલાસ થઈ ગયો. હવે હું ખૂબ જ સાવચેત રહું છું – બહાર નીકળું ત્યારે ક્યારેય લાઈટો ચાલુ રાખતી નથી. આ જોખમ લેવા જેવું નથી.'




## હોંશિયાર બનો!

તમારું જીવન બચાવી શકે તેવી માહિતી મેળવો.

## સાધન સજ્જ બનો!

તમારી સુરક્ષા કરવા માટે જરૂરી હોય તેવાં સાધનોમાં પૈસા રોકો.

## બહાર નીકળી જાવ!

યોજના બનાવો અને તૈયાર રહો.

'હોંશિયાર બનો! સાધન સજ્જ બનો! બહાર નીકળી જાવ!' નામની આગથી સુરક્ષા વિશેની શ્રેણીબદ્ધ પત્રિકાઓમાંની આ એક પત્રિકા છે, જે તમારા સ્થાનિક ફાયર બ્રિગેડ પાસેથી મળી શકશે. આ શ્રેણીની બીજી પત્રિકાઓ, આગથી બચવા માટેનાં સાધનો, માતાપિતા અને બાળકો માટે આગથી સુરક્ષા અને જેમને જોવાની તકલીફ અથવા હરવા ફરવાની મુશ્કેલી હોય તેવાં લોકો માટે વધારાની માહિતી પૂરી પાડે છે.

તેનાં ભાષાંતરો તેમજ બીજાં સ્વરૂપો પણ મળી શકે છે.

ડેપ્યુટિ પ્રાઈમ મિનિસ્ટરની ઓફિસ દ્વારા પ્રકાશિત. © ક્રાઉન કોપીરાઈટ 2003. ગ્રાહક વપરાશ બાદના કચરામાંથી 75% અને 25% ઈએફસી પલ્પમાંથી બનાવાયેલ કાગળ ઉપર, યુ.કે.માં જાન્યુઆરી 2003 માં મુદ્રિત
(02DOCF00333)
Product code: Fire Celebrate 02gu

FIRE KILLS
YOU CAN PREVENT IT

વધારે માહિતી માટે www.firekills.gov.uk ઉપર અમારી વેબસાઈટની મુલાકાત લો.